ખંડેરાવ માર્કેટ પાછળ મોટી દુર્ઘટના ટળી જતા લોકોને હાંશકારો

૯૦ વર્ષ જૂના જર્જરિત મકાનનો ભાગ ધરાશાયી, રમતા બાળકોનો આબાદ બચાવ

(પ્રતિનિધિ) વડોદરા, તા.18
ખંડેરાવ માર્કેટ પાછળ આવેલા હિંમત ભવન (હિંમત ભુવનની ચાળ) વિસ્તારમાં આજે એક મોટી હોનારત સર્જાતા રહી ગઈ છે. અહીં મુખ્ય માર્ગ પર આવેલું આશરે ૮૫ થી ૯૦ વર્ષ જૂનું એક અત્યંત જર્જરિત મકાન અચાનક પત્તાના મહેલની જેમ ધરાશાયી થઈ ગયું હતું. મકાનનો મોટો ભાગ ધડાકાભેર તૂટી પડતાં સમગ્ર પંથકમાં ભારે અફરાતફરી અને ભયનો માહોલ વ્યાપી ગયો હતો. સદનસીબે દુર્ઘટના સમયે ત્યાંથી કોઈ વાહનચાલક કે રાહદારી પસાર થઈ રહ્યા ન હતા, તેમજ આસપાસ રમી રહેલા માસૂમ બાળકો પણ સમયસૂચકતા વાપરી ભાગી છૂટ્યા હોવાથી મોટી જાનહાની ટળી છે.

બપોરે અંદાજે ૧૨:૩૦ વાગ્યાની આ સપાસ મકાનનો આ અગ્રભાગ અચાનક તૂટી પડ્યો હતો. દુર્ઘટનાના સમયે કેટલાક નાના બાળકો રસ્તા પર રમી રહ્યા હતા, જેઓ કાટમાળ પડતો જોઈને તુરંત જીવ બચાવીને ઘરમાં દોડી ગયા હતા. મકાન ધરાશાયી થવાનો ભયાનક અવાજ આવતા જ આસપાસની મહિલાઓ રહીશો ઘરની બહાર દોડી આવ્યા હતા. વિસ્તારની મહિલાઓના જણાવ્યા મુજબ, વર્ષ ૧૯૩૭ની આ બિલ્ડિંગ છેલ્લા બે-ત્રણ વર્ષથી અત્યંત જર્જરિત અને જોખમી હાલતમાં ફેરવાઈ ગઈ છે. ભૂતકાળમાં પણ આ જ મકાનનો ભાગ ચારથી પાંચ વખત નાની-મોટી રીતે ધરાશાયી થઈ ચૂક્યો છે. આ અંગે વડોદરા મહાનગરપાલિકામાં વારંવાર રજૂઆતો કરવામાં આવી હોવા છતાં કોઈ નક્કર કાર્યવાહી કરવામાં આવી નથી. કોર્પોરેશનની ટીમ બે વખત નિરીક્ષણ માટે આવી હતી અને જોખમી ભાગ ઉતારવાની તૈયારી પણ કરી હતી, પરંતુ સ્થાનિક વેપારીઓએ કોર્ટ કેસ કરવાની ધમકી આપી આડા ફાટતાં તંત્ર પગલાં લીધા વિના પરત ફર્યું હતું. બીજી તરફ, મકાન માલિકને આ અંગે અવારનવાર રજૂઆત કરવા છતાં તેઓ કોઈ ગંભીરતા દાખવતા નથી. માલિકે અગાઉ નોટિસ આપી ને પોતાની જવાબદારીમાંથી હાથ ખંખેરી લીધા છે. હાલ પૂરતો આ કાટમાળ મુખ્ય રસ્તા પર પડ્યો હોવાથી સ્થાનિકોનો આવાગમનનો એકમાત્ર માર્ગ બંધ થઈ ગયો છે.

આજવા રોડ પર નારાયણ ધામ સોસાયટીમાં સીડી પરથી પટકાતાં વૃદ્ધાનું મોત

(પ્રતિનિધિ), વડોદરા. તા.૧૭
આજવા રોડ પર આવેલી સહજ વિદ્યાલય નજીકની 'નારાયણ ધામ સોસાયટી'માં રહેતા ૬૨ વર્ષના હીરાબેન અરવિંદભાઈ સોલંકી ગત દિવસે પોતાના ઘરના દાદર પરથી અચાનક નીચે પટકાયા હતા. સીડી પરથી નીચે પડવાના કારણે તેમને માથા તેમજ શરીરના અન્ય ભાગોમાં ગંભીર ઈજાઓ પહોંચી હતી, જેના કારણે તેઓ ઘટનાસ્થળે જ બેભાન થઈ ગયા હતા. બનાવને પગલે પરિવારજનોમાં ભારે અફરાતફરી મચી ગઈ હતી. લોહીલુહાણ અને બેભાન અવસ્થામાં હીરાબેનને તાત્કાલિક સારવાર અર્થે સયાજી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જો કે, હોસ્પિટલના ફરજ પરના તબીબોએ તેમને તપાસીને મૃત જાહેર કર્યા હતા. હોસ્પિટલના સૂત્રોના જણાવ્યા અનુસાર, ગંભીર આંતરિક ઈજાઓ થવાને કારણે સારવાર શરૂ થાય તે પહેલાં જ તેમણે દમ તોડી દીધો હતો.

અટલાદરામાં SMCનો દરોડો, બુટલેગરોમાં ફફડાટની લાગણી વ્યાપી

રૂ.૨૫.૩૬ લાખના દારૂ સાથે ૩૫.૪૪ લાખનો મુદ્દામાલ જપ્ત

ટ્રકમાંથી વિદેશી દારૂનો જથ્થો ભરી લાવનાર ડ્રાઇવર ઝડપાયો, ચાર આરોપી હજુ ફરાર

(પ્રતિનિધિ) વડોદરા, તા.17
વડોદરા શહેરના અટલાદરા વિસ્તારમાં સ્ટેટ મોનિટરિંગ સેલ (SMC) દ્વારા પાદરા રોડ પર સ્વામિનારાયણ મંદિર નજીક જાહેર માર્ગ પર દરોડો પાડીને વિદેશી દારૂનો જથ્થો લઈ જતી ટાટા ટ્રકને ઝડપી પાડી હતી. ટ્રકમાથી પોલીસે રૂ.25.36 લાખના દારૂ સાથે રૂ.35.44 લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

આ કાર્યવાહીમાં એક આરોપીની ધરપકડ કરવામાં આવી છે જ્યારે ચાર શખ્સોને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યા છે. સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમને મળેલી બાતમીના આધારે PI બી.એચ. રાઠોડ સહિતની ટીમે 17 જૂનના રોજ અટલાદરા ભીમ તડાવ વિસ્તારમાં દરોડો પાડવામાં આવ્યો હતો. તપાસ દરમિયાન ટાટા ટ્રકમાંથી દારૂની રૂ.25.36 લાખના દારૂની 10,797 બોટલો મળી આવી હતી. ઉપરાંત ટ્રક, મોબાઈલ ફોન અને રોકડ રકમ સહિત રૂ.35.44 લાખનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો. પોલીસે ટ્રકના ડ્રાઈવર અશ્વિનીસિંહ માનસિંહ ચૌહાણ (રહે. પાલઘર, મહારાષ્ટ્ર)ની ધરપકડ કરી અટલાદરા પોલીસને સોંપ્યો છે.

જ્યારે દારૂ સપ્લાયર તરીકે દમણના સચિન મરાઠે, વલસાડના સુમિન ઉર્ફે રાહુલ બોબાડો, ક્રેટા કારનો અજાણ્યો પાઇલટ તથા વડોદરામાં દારૂનો જથ્થો સ્વીકારનાર અજાણ્યા વ્યક્તિને વોન્ટેડ જાહેર કરી તેની શોધખોળ શરૂ કરવામાં આવી છે. સ્ટેટ મોનિટરિંગ સેલે વિદેશી દારૂનો મોટી માત્રામાં જથ્થો ઝડપી પાડ્યો હતો જોકે સ્થાનિક અટલાદરા પોલીસ ઊંઘતી ઝડપાઈ હતી.

રોજગાર સર્જન ક્ષેત્રે એક મહત્વપૂર્ણ યોજના સાબિત થઇ રહી છે

'વિકસિત ભારત' PM-VBRY યોજના, ૧૯ જૂને પ્રોત્સાહન રકમ વિતરણનો રાષ્ટ્રીય પ્રારંભ

(પ્રતિનિધિ) વડોદરા, તા.17
દેશના યુવાનોને વધુ રોજગારીની તકો ઉપલબ્ધ કરાવવા, ઔપચારિક રોજગાર ક્ષેત્રને મજબૂત બનાવવા અને શ્રમિકોને સામાજિક સુરક્ષાના વ્યાપમાં લાવવા માટે ભારત સરકાર દ્વારા અમલમાં મૂકાયેલી પ્રધાનમંત્રી વિકસિત ભારત રોજગાર યોજના (PM-VBRY)નો પ્રોત્સાહન રકમ વિતરણ કાર્યક્રમ આગામી ૧૯ જૂન, ૨૦૨૬ના રોજ પ્રધાનમંત્રીના હસ્તે શરૂ થવા જઈ રહ્યો છે.

દેશના આર્થિક વિકાસ અને 'વિકસિત ભારત'ના વિઝનને વેગ આપતી આ યોજના રોજગાર સર્જન ક્ષેત્રે એક મહત્વપૂર્ણ પહેલ તરીકે જોવામાં આવી રહી છે.

૧૫ ઓગસ્ટ, ૨૦૨૫ના રોજ શરૂ કરાયેલી આ મહત્ત્વાકાંક્ષી યોજના માટે કેન્દ્ર સરકારે રૂ. ૯૯,૪૪૬ કરોડની જંગી નાણાકીય જોગવાઈ કરી છે. યોજનાનો મુખ્ય હેતુ આગામી વર્ષોમાં દેશભરમાં અંદાજે ૩.૫ કરોડ નવા રોજગારનું સર્જન કરવાનો છે. કર્મચારી ભવિષ્ય નિધિ સંગઠન (EPFO) દ્વારા અમલમાં મુકાતી આ યોજના હેઠળ પ્રથમ વખત નોકરી મેળવનાર કર્મચારીઓ તેમજ નવા કર્મચારીઓની ભરતી કરનારા નિયોક્તાઓ બંનેને પ્રોત્સાહન આપવામાં આવે છે. યોજનાના ભાગ 'ક' હેઠળ પ્રથમ વખત સંગઠિત ક્ષેત્રમાં જોડાતા કર્મચારીઓને સીધો લાભ આપવામાં આવે છે, જ્યારે ભાગ 'ખ' હેઠળ નવા કર્મચારીઓની ભરતી વધારનારા ઉદ્યોગો અને વ્યાપારી પ્રતિષ્ઠાનોને પ્રોત્સાહક સહાય આપવામાં આવે છે. મેન્યુફેક્ચરિંગ ક્ષેત્ર માટે ચાર વર્ષ અને અન્ય ક્ષેત્રો માટે બે વર્ષ સુધી લાભ મળવાની જોગવાઈ કરવામાં આવી છે. આ ઉપરાંત કર્મચારીઓને EPF જેવી સામાજિક સુરક્ષા યોજનાઓ સાથે જોડવાના કારણે લાંબા ગાળે તેમના આર્થિક ભવિષ્યને પણ મજબૂતી મળશે.

બેંગ્લોર ગયેલા દંપતીના બંધ મકાનમાં તસ્કરો ત્રાટક્યા

તસ્કરો તિજોરી તોડી ૧.૮૦ લાખના દાગીના-રોકડ લઈ ગયા

(પ્રતિનિધિ) વડોદરા, તા.17
વડોદરાના અકોટા વિસ્તારમાં નિવૃત્ત વૃદ્ધ અને તેમની પત્ની પુત્રને મળવા બેંગ્લોર ગયા હતા ત્યારે તેમના બંધ મકાનમાં અજાણ્યા ચોરોએ હાથફેરો કર્યો હતો. મુખ્ય દરવાજાનો નકુચો તોડી ઘરમાં પ્રવેશેલા ચોરોએ તિજોરીનું લોકર તોડી સોનાના દાગીના, ચાંદીની લગડી અને રોકડ મળી કુલ રૂ.1.80 લાખની માલમત્તા ચોરી કરી ફરાર થઈ ગયા હતા. પડોશીએ ઘરનો દરવાજો ખુલ્લો હોવાનું ધ્યાનમાં આવતા સમગ્ર ઘટનાનો પર્દાફાશ થયો હતો.

અકોટાના માધવબાગ નજીક આવેલી કૃષ્ણ શાંતિ સોસાયટીમાં રહેતા 67 વર્ષીય મહેશભાઈ રમેશચંદ્ર પંડ્યા અને તેમની પત્ની 29 મેના રોજ બેંગ્લોર ખાતે રહેતા પુત્ર દેવલ પાસે ગયા હતા. ઘર બંધ હોવાથી ફૂલછોડની સંભાળ માટે એક પરિચિત મહિલાને જવાબદારી સોંપવામાં આવી હતી. 12 જૂનની સાંજે મહિલા ફૂલછોડને પાણી આપી ગયા બાદ બીજા દિવસે સવારે પડોશી શીખાબેન શાહે ઘરનો મુખ્ય દરવાજો ખુલ્લો અને તાળું તૂટેલી હાલતમાં જોયો હતો. તેમણે તાત્કાલિક મહેશભાઈના પરિવારજનોને જાણ કરતાં તેઓ ઘરે પહોંચ્યા હતા. તપાસ દરમિયાન મુખ્ય દરવાજાનો નકુચો તૂટેલો તેમજ ઘરના સામાન વેરવિખેર હાલતમાં જોવા મળ્યો હતો.

વધુ તપાસમાં બેડરૂમમાં રાખેલી તિજોરીનું લોકર તોડીને અંદર રહેલી 15 ગ્રામ સોનાની ચેઈન, 500 ગ્રામ ચાંદીની લગડી અને રૂ.10 હજાર રોકડ સહિત કુલ રૂ.1.80 લાખની માલમત્તા ચોરી થઈ હોવાનું સામે આવ્યું હતું.

તબીબી બેદરકારીના આક્ષેપ સાથે પરિવારે મચાવ્યો ભારે હોબાળો

દાંડિયા બજારની રેવા હોસ્પિટલમાં પ્રસુતિ બાદ મહિલાનું મોત થયું

કિશનવાડીની પલ્લવીબેને બાળકને જન્મ આપ્યા બાદ અચાનક દુખાવો ઉપડ્યો અને દમ તોડ્યો

(પ્રતિનિધિ) વડોદરા, તા.17
વડોદરા શહેરના દાંડિયા બજાર વિસ્તારમાં આવેલી રેવા હોસ્પિટલમાં એક આઘાતજનક અને ચકચારી ઘટના સામે આવી છે. કિશનવાડી વિસ્તારમાં રહેતા પલ્લવીબેન નામના સગર્ભા મહિલાને પ્રસુતિ માટે આ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં તેમણે એક સ્વસ્થ બાળકને જન્મ આપ્યો હતો, જેનાથી પરિવારમાં ખુશીનો માહોલ છવાઈ ગયો હતો. પરંતુ, આ ખુશી ગણતરીના કલાકોમાં જ માતમમાં ફેરવાઈ ગઈ હતી. પ્રસુતિ બાદ મહિલાને અચાનક અસહ્ય દુખાવો ઉપડ્યો હતો, અને સારવાર દરમિયાન જ તેમનું મોત નીપજ્યું હતું. મૃતકના પરિવારે તબીબો પર ગંભીર બેદરકારીના આક્ષેપો લગાવી હોસ્પિટલમાં ભારે હોબાળો મચાવ્યો હતો,

જેના કારણે સમગ્ર વિસ્તારમાં ચકચાર વ્યાપી ગઈ છે. પરિસ્થિતિ વણસતા તબીબો દ્વારા તેમની તાત્કાલિક સારવાર શરૂ કરવામાં આવી હતી, પરંતુ તમામ પ્રયાસો નિષ્ફળ રહ્યા હતા અને પલ્લવીબેને દમ તોડી દીધો હતો. નવજાત બાળકે માતાની છત્રછાયા ગુમાવતા જ પરિવાર પર આભ તૂટી પડ્યું હતું. રોષે ભરાયેલા પરિવારજનો અને સગા-સંબંધીઓએ આક્ષેપ કર્યો હતો કે તબીબોની ઘોર બેદરકારી અને સમયસર યોગ્ય સારવાર ન મળવાને કારણે જ પલ્લવીબેનનું મોત થયું છે. હોસ્પિટલમાં પરિસ્થિતિ વણસતા અને પોલીસ કંટ્રોલ રૂમને ફોન દ્વારા જાણ કરવામાં આવી હતી.

સુરક્ષા સામે સવાલ ઉભો કરતો ચોંકાવનારો કિસ્સો

રિક્ષા ચાલકે રસ્તો બદલતા ૫૩ વર્ષીય મહિલાએ ચાલુ રિક્ષામાંથી કૂદકો માર્યો

(પ્રતિનિધિ) વડોદરા, તા.17
વડોદરાના સમા વિસ્તારમાં આવેલી આકાશગંગા સોસાયટીમાં રહેતાં ૫૩ વર્ષીય દમયંતીબેન છગનભાઈ ગોહિલ ગતરોજ એક રિક્ષામાં બેસીને જઈ રહ્યાં હતાં. મુસાફરી દરમિયાન રિક્ષા ચાલકે અચાનક નિર્ધારિત રૂટ બદલી નાખ્યો હતો અને રિક્ષાને કોઈ અજાણ્યા, સૂમસામ રસ્તા તરફ હંકારી મૂકી હતી. દમયંતીબેને રસ્તો બદલાતો જોઈ રિક્ષા ચાલકને ટોક્યો હતો, પરંતુ ચાલકે રિક્ષા ઊભી રાખવાને બદલે ઝડપ વધારી દીધી હતી. અજાણ્યા રસ્તા અને રિક્ષા ચાલકના શંકાસ્પદ ઈરાદા જોઈ દમયંતીબેન ભારે ગભરાઈ ગયા હતા. પોતાનું અપહરણ થઈ રહ્યું હોવાની કે જીવનું જોખમ હોવાની આશંકા વચ્ચે, તેમણે સ્વબચાવ માટે એક ક્ષણનો પણ વિલંબ કર્યા વિના હિંમતપૂર્વક હરણી કેનાલ પાસેથી પસાર થતી ચાલુ રિક્ષામાંથી નીચે કૂદકો મારી દીધો હતો. ચાલુ વાહને રોડ પર ફેંકાઈ જવાને કારણે દમયંતીબેનને શરીરે અને માથાના ભાગે ઈજાઓ પહોંચી હતી. લોહીલુહાણ હાલતમાં રસ્તા પર પડેલા પ્રૌઢાને જોઈને આસપાસના સ્થાનિક લોકો તાત્કાલિક મદદે દોડી આવ્યા હતા. ઘટનાની ગંભીરતા જોઈને તુરંત જ ૧૦૮ એમ્બ્યુલન્સને જાણ કરવામાં આવી હતી.

ઈમરજન્સી ટીમે ઘટનાસ્થળે પહોંચી પ્રાથમિક સારવાર આપી પ્રૌઢાને વધુ સારવાર અર્થે સયાજી હોસ્પિટલમાં ખસેડ્યા હતા. રિક્ષા ચાલકોની જોહુકમી ક્યારે અટકશે ? વડોદરા જેવા શાંત શહેરમાં બનેલી આ ઘટનાએ સાંસ્કૃતિક નગરીની કાયદો અને વ્યવસ્થા સામે અનેક સવાલો ખડા કર્યા છે. ઓટો રિક્ષા ચાલકો દ્વારા મુસાફરો સાથે ગેરવર્તણૂક કે આવા શંકાસ્પદ કૃત્યોના કિસ્સાઓ વધી રહ્યા છે. પોલીસે આ મામલે તાત્કાલિક ગુનો નોંધી, સીસીટીવી ફૂટેજના આધારે તે રિક્ષા ચાલકને દબોચી લેવો જોઈએ જેથી ભવિષ્યમાં કોઈ બહેન-દીકરી સાથે આવી ઘટના ન બને તે માટે તંત્ર દ્વારા આકરા પગલાં લેવાય તેવી લોકમાંગ છે.

તરસાલીના નાયરા પેટ્રોલ પંપ પર ટાંકી ૮ લીટરની ને મશીનમાં ૯.૪૩ લીટર બતાવાયું

(પ્રતિનિધિ) વડોદરા, તા.17
શહેરના તરસાલી ગુરુકુળ નજીક આવેલા 'નાયરા' પેટ્રોલ પંપ પર ડીઝલ વિતરણમાં ગંભીર ગેરરીતિ થતી હોવાનો સળગતો આક્ષેપ સામે આવ્યો છે. એક જાગૃત ટેમ્પો ચાલકે પેટ્રોલ પંપના મશીનની ચોકસાઈ અને માપદંડો સામે ગંભીર સવાલો ઉઠાવ્યા છે. મળતી માહિતી મુજબ, ટેમ્પો ચાલક પોતાના વાહનમાં ડીઝલ ભરાવવા માટે આ પંપ પર ગયો હતો. ટેમ્પો કંપની દ્વારા નિર્ધારિત કરાયેલી ટાંકીની કુલ ક્ષમતા માત્ર ૮ લીટરની છે.

પરંતુ જ્યારે પંપના મશીન દ્વારા ડીઝલ ભરવામાં આવ્યું, ત્યારે મશીનના ડિસ્પ્લે પર આંકડો જોઈને ચાલક સ્તબ્ધ થઈ ગયો હતો. મશીનમાં પૂરેપૂરું ડીઝલ ભરાયા બાદ ૯.૪૩ લીટર ડીઝલ ભરાયું હોવાનું દર્શાવવામાં આવ્યું હતું. કંપનીની કેપેસિટી કરતાં પણ વધુ ડીઝલ મશીનમાં નોંધાતા ચાલકને તુરંત જ કંઈક અજુગતું હોવાની શંકા ગઈ હતી.

વડોદરાવાસીઓને અનોખી ભેટ અર્પણ કરવામાં આવી

ગોત્રી ગાર્ડનમાં રૂ.૨.૭ કરોડના ખર્ચે નવનિર્મિત 'યોગ સેન્ટર અને લાઈબ્રેરી'નું ભવ્ય લોકાર્પણ

પશ્ચિમ ઝોનના નાગરિકોને એક જ સ્થળે મળશે સ્વાસ્થ્ય સાધના અને જ્ઞાન ઉપાસનાની ઉત્કૃષ્ટ સુવિધા

(પ્રતિનિધિ) વડોદરા, તા.17
સંસ્કારી નગરી વડોદરાના વિકાસની યશકલગીમાં વધુ એક છોગું ઉમેરાયું છે. વડોદરા મહાનગરપાલિકા દ્વારા શહેરના પશ્ચિમ ઝોનના નાગરિકોની સુખાકારી અને સુવિધામાં વધારો કરતો વધુ એક પ્રજાલક્ષી પ્રકલ્પ સાકાર થયો છે. ગોત્રી ગાર્ડન ખાતે રૂ. ૨.૭ કરોડના માતબર ખર્ચે નવનિર્મિત કરવામાં આવેલા અત્યાધુનિક યોગ સેન્ટર તથા લાઈબ્રેરીનું રાષ્ટ્રીય હોદ્દેદારો અને મહાનુભાવોની પ્રેરક ઉપસ્થિતિમાં ભવ્ય લોકાર્પણ કરવામાં આવ્યું હતું. વડોદરા મહાનગરપાલિકાની આ અનોખી ભેટથી સ્થાનિક રહીશોને સ્વાસ્થ્ય સાધના તેમજ જ્ઞાન ઉપાસના માટેનું એક ઉત્કૃષ્ટ અને નયનરમ્ય સ્થળ મળી રહેશે.

આ ગરિમામય અને ગૌરવશાળી પ્રસંગે ભાજપના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ અને સાંસદ બૈજયંત પાંડા વિશેષ રૂપે ઉપસ્થિત રહ્યા હતા અને તેમણે વડોદરાની પ્રગતિને બિરદાવી હતી. આ ઉપરાંત, કાર્યક્રમમાં વડોદરાના મેયર ગીતાબેન મકવાણા, વડોદરા મહાનગરપાલિકાના કમિશનર અરુણ મહેશ બાબુ અને ગુજરાત વિધાનસભાના મુખ્ય દંડક બાળકૃષ્ણ શુક્લ પણ ખાસ હાજર રહ્યા હતા. આ નવનિર્મિત સેન્ટરને જનતાની સેવામાં ખુલ્લું મૂકવાના શુભ અવસરે વડોદરા શહેર ભાજપ અધ્યક્ષ જયપ્રકાશ સોની, અકોટા વિધાનસભાના ધારાસભ્ય ચૈતન્ય દેસાઈ, સયાજીગંજના ધારાસભ્ય કેયુર રોકડીયા તેમજ વિસ્તારના સ્થાનિક કાઉન્સિલરો અને અગ્રણીઓએ પણ હાજરી આપીને ઉત્સાહ વધાર્યો હતો. પશ્ચિમ વિસ્તારના હાર્દ સમાન ગોત્રી ગાર્ડનમાં બનેલું આ અત્યાધુનિક કેન્દ્ર આગામી સમયમાં નાગરિકોના શારીરિક અને માનસિક સ્વાસ્થ્યને સુદ્રઢ બનાવવામાં આશીર્વાદરૂપ સાબિત થશે. વહેલી સવારે અને સાંજના સમયે વરિષ્ઠ નાગરિકો, મહિલાઓ અને યુવાનો અહીં યોગ-પ્રાણાયામ કરી શકશે.

ગરમીનો પારો ૩૮.૪ ડિગ્રીએ પહોંચ્યો, નવું વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ આવવાની શક્યતા

વડોદરા : વડોદરા શહેરમાં બુધવારે મહત્તમ તાપમાન 38.4 ડીગ્રી અને લઘુત્તમ તાપમાન 30.0 ડીગ્રી નોંધાયું હતું. ભેજનું પ્રમાણ સવારે 62% અને સાંજે 47% રહેતા બફારાથી લોકો અકળાયા હતા. જોકે, હવામાન નિષ્ણાતોના જણાવ્યા મુજબ, હાલ અલ-નીનોની અસર અને એક પછી એક આવી રહેલા વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે ચોમાસું અટકી પડ્યું છે અને આગળ વધી શક્યું નથી. જેના કારણે મેદાનો જોઈએ તેટલા તપ્યા નથી અને વરસાદ લાવે તેવી સિસ્ટમ બની શકી નથી. પરંતુ નાગરિકોએ નિરાશ થવાની જરૂર નથી. નિષ્ણાતોની આગાહી મુજબ 22 જૂનથી ચોમાસું ફરીથી સક્રિય થવા જઈ રહ્યું છે. 18 જૂને વધુ એક નવું વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ આવવાની શક્યતા છે, છતાં 18 થી 20 જૂન સુધીમાં આકાશમાં વાદળોનો જમાવડો શરૂ થઈ જશે. વાતાવરણમાં પલટો આવતા 22 જૂન સુધીમાં રાજ્યના કોઈ-કોઈ ભાગોમાં અચાનક જ અણધાર્યો વરસાદ વરસી શકે છે. વરસાદની સત્તાવાર અને સારી શરૂઆત 23 જૂનથી થવાની પૂરી સંભાવના છે. 23 થી 26 જૂન વચ્ચે વડોદરા સહિત રાજ્યના ઘણા વિસ્તારોમાં સારો એવો વરસાદ પડશે.

શોર્ટ સર્કિટથી લાગેલી આગે વિકરાળ સ્વરૂપ લીધું, લાખોનો માલ બળીને ખાખ

કોટાલી ગામે ફરાસખાનાના ગોડાઉનમાં આગ ભભૂકી ઉઠી



(પ્રતિનિધિ) વડોદરા, તા.17
વડોદરા શહેર નજીક આવેલા કોટાલી ગામ ખાતે સાંજના સુમારે એક ફરાસખાનાના ગોડાઉનમાં શોર્ટ સર્કિટને કારણે ભીષણ આગ ફાટી નીકળી હતી. જોતજોતામાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરતા આસપાસના ગ્રામજનોમાં ભયનો માહોલ છવાઈ ગયો હતો.

આગના ધુમાડાના ગોટે-ગોટા દૂર દૂર સુધી દેખાતા લોકોના ટોળા ઘટના સ્થળે એકઠા થઈ ગયા હતા. ઘટનાની જાણ થતાં જ વડોદરા ફાયર બ્રિગેડના બેથી વધુ ફાયર સ્ટેશનના જવાનો તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવ્યા હતા. ફાયર ફાઈટરોએ યુદ્ધના ધોરણે પાણીનો મારો ચલાવી ભારે જહેમત બાદ આગ ઉપર કાબુ મેળવ્યો હતો. જોકે ત્યાં સુધીમાં ફરાસખાનામાં રાખેલો લાખો રૂપિયાનો તમામ માલ સામાન બળીને ખાખ થઈ ગયો હતો. સદનસીબે આ દુર્ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી. જેના કારણે મોટી રાહત થઈ છે. પ્રાથમિક તપાસમાં આગનું કારણ શોર્ટ સર્કિટ હોવાનું સામે આવ્યું છે. આગને કારણે લાખોનું નુકસાન થયાનો અંદાજ છે.

આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ IDFC FIRST Bank
(અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ અને આઈડીએફસી બેંક લિમિટેડ સાથે વિલીન થયેલ)
CIN: L65110TN2014PLC097792
રજિસ્ટર્ડ ઓફિસ: કેઆરએમ ટાવર્સ, 8મો માળ, હેરિંગ્ટન રોડ, ચેતપટ, ચેન્નાઈ-600031.
ફોન: +91 44 4564 4000 | ફેક્સ: +91 44 4564 4022.

પરિશિષ્ટ IV [નિયમ 8(1)]
કબજા નોટિસ (સ્થાવર મિલકત માટે)

જ્યારે અધોહસ્તાક્ષરકર્તા, સિક્યોરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એક્ટ, 2002 હેઠળ અને સિક્યોરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, 2002ના નિયમ 3 સાથે વંચાણમાં લેતા કલમ 13(12) હેઠળ મળેલી સત્તાઓનો ઉપયોગ કરીને આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ (અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ અને આઈડીએફસી બેંક લિમિટેડ સાથે વિલીન થયેલ)ના અધિકૃત અધિકારી હોવાના નાતે એક માંગણી નોટિસ તારીખ 18.03.2026ના રોજ જાહેર કરીને લોન લેનાર, સહ-ધિરાણકર્તાઓ અને જામીનદારો 1. જાગૃતકુમાર પરમાર 2. સવિતાબેન પરમારને નોટિસમાં જણાવેલી રકમ રૂ. 5,09,118.09/- (રૂપિયા પાંચ લાખ નવ હજાર એકસો અઢાર અને નવ પૈસા પૂરા) તારીખ 16.03.2026ના રોજ સુધીની, સદર માંગણી નોટિસ મળ્યાની તારીખથી 60 દિવસની અંદર ચૂકવી દેવા માટે જણાવ્યું હતું.
ધિરાણકર્તાઓ રકમ પરત ચૂકવવામાં નિષ્ફળ રહ્યા હોવાથી ધિરાણકર્તા અને સામાન્ય જનતાને નોટિસ આપવામાં આવે છે કે, અધોહસ્તાક્ષરકર્તાએ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, 2002ના નિયમ 8 સાથે વંચાણમાં લેતા આ કાયદાની કલમ 13ની પેટા-કલમ (4) હેઠળ તેમને મળેલી સત્તાઓનો ઉપયોગ કરીને આજે 16 જૂન, 2026ના રોજ અહીં નીચે વર્ણવેલી મિલકતનો કબજો લીધો છે.
ખાસ કરીને ધિરાણકર્તાઓ અને સામાન્ય જનતાને આથી ચેતવણી આપવામાં આવે છે કે તેઓ આ મિલકત સાથે કોઈ વ્યવહાર ન કરે અને મિલકત સાથેનો કોઈપણ વ્યવહાર આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ (અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ અને આઈડીએફસી બેંક લિમિટેડ સાથે વિલીન થયેલ)ના રૂ. 5,09,118.09/- (રૂપિયા પાંચ લાખ નવ હજાર એક સો અઢાર અને નવ પૈસા પૂરા)ની રકમ અને તેના પરના વ્યાજના બોજાને આધીન રહેશે.
સુરક્ષિત અસ્કયામતો (મિલકત) મુક્ત કરાવવા માટે ઉપલબ્ધ સમયના સંદર્ભમાં, ધિરાણકર્તાનું ધ્યાન કાયદાની કલમ 13 ની પેટા-કલમ (8)ની જોગવાઈઓ તરફ દોરવામાં આવે છે.

સ્થાવર મિલકતોનું વર્ણન
ગ્રામ પંચાયત મિલકત નંબર 186 ધરાવતી ગામતળ જમીનમાં આવેલું પાકું રહેણાક મકાન, મિલકતનું ક્ષેત્રફળ: 1523.11 ચોરસ ફૂટ, જે ગામ: ધંતેજ (આનંદીના મુવાડા), તાલુકો: સાવલી, જીલ્લો: વડોદરા ગુજરાત-391530 ખાતે આવેલું છે, અને જેની સીમાઓ આ મુજબ છે: પૂર્વ: તખતસિંહ મોહનસિંહનું મકાન, ઉત્તર: જાહેર રસ્તો, પશ્ચિમ: અરવિંદભાઈ અર્જુનસિંહનું મકાન, દક્ષિણ: ખુલ્લો વાડો.

સહી/-
અધિકૃત અધિકારી
આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ
(અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ અને આઈડીએફસી બેંક લિમિટેડ સાથે વિલીન થયેલ)
તારીખ: 16-06-2026
સ્થળ: ગુજરાત
લોન ખાતા નંબર: 40073871

આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ IDFC FIRST Bank
(અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ અને આઈડીએફસી બેંક લિમિટેડ સાથે સંયોજિત)
CIN: L65110TN2014PLC097792
રજિસ્ટર્ડ ઓફિસ: કેઆરએમ ટાવર્સ, 8મો માળ, હેરિંગ્ટન રોડ, ચેતપટ, ચેન્નાઈ-600031.
ફોન: +91 44 4564 4000 | ફેક્સ: +91 44 4564 4022.

પરિશિષ્ટ IV [નિયમ 8(1)]
કબજા નોટિસ (સ્થાવર મિલકત માટે)

જ્યાં સુધી સિક્યોરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એક્ટ, 2002 હેઠળ અને સિક્યોરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, 2002ના નિયમ 3 સાથે વંચાણમાં લેવાતી કલમ 13(12) હેઠળ મળેલી સત્તાઓનો ઉપયોગ કરીને આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ (અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ અને આઈડીએફસી બેંક લિમિટેડ સાથે સંયોજિત)ના અધિકૃત અધિકારી હોવાને નાતે અધોહસ્તાક્ષરકર્તાએ તારીખ 18.03.2026ના રોજ એક ડિમાન્ડ નોટિસ જાહેર કરીને લોન લેનાર, સહ-ઉધારકર્તાઓ અને જામીનદારો: 1. સંજયકુમાર પરમાર 2. ગણપતભાઈ પરમાર, 3. કલ્પનાબેન સંજયકુમાર પરમાર પાસેથી નોટિસમાં દર્શાવેલી રકમ રૂ. 1,91,144.86/- (રૂપિયા એક લાખ એકાણું હજાર એકસો ચુંમાલીસ અને છ્યાસી પૈસા પૂરા) જે તારીખ 16.03.2026ના રોજ સુધીની થાય છે, તે સદરહુ માંગણી નોટિસ મળ્યાની તારીખથી 60 દિવસની અંદર ચૂકવી આપવા જણાવ્યું હતું.
ઉધારકર્તાઓ રકમ ચૂકવવામાં નિષ્ફળ રહેલા હોવાથી ઉધારકર્તા અને સામાન્ય જનતાને નોટિસ આપવામાં આવે છે કે અધોહસ્તાક્ષરકર્તાએ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, 2002ના નિયમ 8 સાથે વંચાણમાં લેવાતી આ કાયદાની કલમ 13ની પેટા-કલમ (4) હેઠળ તેમને મળેલી સત્તાઓનો ઉપયોગ કરીને આજ રોજ 12 જૂન, 2026ના રોજ અહીં નીચે વર્ણવેલી મિલકતનો કબજો લીધો છે.
ખાસ કરીને ઉધારકર્તાઓ અને સામાન્ય જનતાને આથી ચેતવણી આપવામાં આવે છે કે તેઓ આ મિલકત સાથે કોઈ પણ પ્રકારનો વ્યવહાર ન કરે, અને મિલકત સાથેનો આવો કોઈ પણ વ્યવહાર આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ (અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ અને આઈડીએફસી બેંક લિમિટેડ સાથે સંયોજિત)ના રૂ. 1,91,144.86/- (રૂપિયા એક લાખ એકાણું હજાર એકસો ચુંમાલીસ અને છ્યાસી પૈસા પૂરા) અને તેના પરના વ્યાજના બોજાને આધીન રહેશે.
સુરક્ષિત અસ્કયામતો (મિલકત) મુક્ત કરાવવા માટે ઉપલબ્ધ સમયના સંદર્ભમાં, ઉધારકર્તાનું ધ્યાન કાયદાની કલમ 13ની પેટા-કલમ (8)ની જોગવાઈઓ તરફ દોરવામાં આવે છે.

સ્થાવર મિલકતોનું વર્ણન
ગ્રામ પંચાયત મિલકત નં. 4/71 ધરાવતી મિલકતનો એ તમામ હિસ્સો અને ભાગ, જે ગામ ખેડા કરમાશિયા, તાલુકો વાઘોડિયા, વડોદરા, ગુજરાત-391510ની ગામતળ જમીનમાં આવેલું પાકું રહેણાક મકાન છે, મિલકતનું ક્ષેત્રફળ 1218.70 ચોરસ ફૂટ છે, અને જેની ચતુર્દિશા નીચે મુજબ છે: ઉત્તર: અરવિંદભાઈ પરમારનું મકાન પૂર્વ: વાડો દક્ષિણ: ઈશ્વરભાઈ પરમારનું મકાન પશ્ચિમ: જાહેર રસ્તો

સહી/- અધિકૃત અધિકારી
આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ
(અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ અને આઈડીએફસી બેંક લિમિટેડ સાથે સંયોજિત)
તારીખ: 12-06-2026
સ્થળ: ગુજરાત
લોન ખાતા નંબર: 40409181

હીરો હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ
રજિસ્ટર્ડ ઓફિસ: 09, કોમ્યુનિટી સેન્ટર, બસંત લોક, વસંત વિહાર, નવી દિલ્હી - 110057 ફોન: 011 49267000, ટોલ ફ્રી નંબર: 1800 212 8800, ઇમેઇલ: customer.care@herohfl.com વેબસાઇટ: www.herohousingfinance.com | CIN: U65192DL2016PLC30148 સંપર્ક સરનામું: A-6, ત્રીજો માળ, સેક્ટર-4, નોઇડા - 201301.

માંગણી નોટિસ
સિક્યોરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એક્ટ, 2002 ("એક્ટ") ની કલમ 13 (2) અને સિક્યોરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, 2002 ("રૂલ્સ") ના નિયમ 3 હેઠળ.
જ્યારે નીચે સહી કરનાર, એક્ટ હેઠળ હીરો હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ (HHFL)ના અધિકૃત અધિકારી હોવાને નાતે અને નિયમ 3 સાથે વાંચવામાં આવતી કલમ 13 (12) હેઠળ મળેલી સત્તાઓનો ઉપયોગ કરીને, એક્ટની કલમ 13(2)હેઠળ નીચે દર્શાવેલ તારીખોએ વિગતવાર માંગણી નોટિસો અગાઉથી જ જારી કરી ચૂક્યા છે, જેમાં દેવાદાર(ઓ)/સહ-દેવાદાર(ઓ)/જામીનદાર(ઓ) (જે તમામનો અહીં સિંગલ તરીકે અથવા સાથે મળીને "જવાબદાર વ્યક્તિઓ" તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે)/કાનૂની વારસદાર(ઓ)/કાનૂની પ્રતિનિધિ(ઓ) ને નીચે આપેલ મુજબ, સંબંધિત નોટિસ/સંપૂર્ણ નોટિસોની તારીખથી 60 દિવસની અંદર સંબંધિત માંગણી નોટિસમાં દર્શાવેલી રકમ ચૂકવવા માટે જણાવવામાં આવ્યું છે. ઉક્ત નોટિસોની નકલો રજિસ્ટર્ડ પોસ્ટ A.D. દ્વારા મોકલવામાં આવી છે અને તે નીચે સહી કરનાર પાસે ઉપલબ્ધ છે, અને જો ઉક્ત જવાબદાર વ્યક્તિ(ઓ)/કાનૂની વારસદાર(ઓ)/કાનૂની પ્રતિનિધિ(ઓ) ઈચ્છે તો, કોઈપણ કામકાજના દિવસે સામાન્ય ઓફિસ સમય દરમિયાન નીચે સહી કરનાર પાસેથી સંબંધિત નકલ મેળવી શકે છે.ઉપરોક્ત સંદર્ભમાં, ઉક્ત જવાબદાર વ્યક્તિ(ઓ)/કાનૂની વારસદાર(ઓ)/કાનૂની પ્રતિનિધિ(ઓ)ને ફરી એકવાર નોટિસ આપવામાં આવે છે કે તેઓ સંબંધિત નોટિસ/સંપૂર્ણ નોટિસોની તારીખથી 60 દિવસની અંદર, લોન કરાર અને અન્ય દસ્તાવેજો/લખાણો, જો કોઈ હોય તો, જે ઉક્ત જવાબદાર વ્યક્તિ(ઓ) દ્વારા સહી કરવામાં આવ્યા હોય, તેની સાથે વાંચવામાં આવતી કૉલમ (d)માં નીચે દર્શાવેલ સંબંધિત તારીખોથી ચૂકવણી અને/અથવા વસૂલાતની તારીખ સુધી નીચે વિગતવાર દર્શાવ્યા મુજબના વધુ વ્યાજ સાથે, તેમના સંબંધિત નામો સામે નીચે દર્શાવેલ રકમ HHFLને ચૂકવી દે. લોનની યોગ્ય ચુકવણી માટેની સુરક્ષા તરીકે, નીચે દર્શાવેલી સુરક્ષિત મિલકત(ઓ) ઉક્ત જવાબદાર વ્યક્તિ(ઓ) દ્વારા અનુક્રમે HHFL પાસે ગીરો મૂકવામાં આવી છે.

લોન એકાઉન્ટ નંબર:	જવાબદાર વ્યક્તિ(ઓ)/ કાનૂની વારસદાર(ઓ)/કાનૂની પ્રતિનિધિ(ઓ) ના નામ:	ના રોજ સુધીના કુલ બાકી લેણાં (રૂ.):	માંગણી નોટિસની તારીખ / NPA ની તારીખ
HHFVADLAP22000027018	જયેશકુમાર મણિલાલ પરમાર, પરમાર પારુલબેન જયેશભાઈ	2865709/- બાકી 11-06-2026ના	15-06-2026 / 04-06-2026

સુરક્ષિત અસ્કયામતો/સ્થાવર મિલકતો/ગીરો રાખેલી મિલકતોનું વર્ણન: વડોદરા જિલ્લા અને સબ ડિસ્ટ્રિક્ટના મોજે ગામ બાપોદની સીમમાં આવેલી રેવન્યુ સર્વે નંબર 251 પૈકી, અને સર્વે નંબર 337 પૈકીની જમીનમાં "ભાગ્યલક્ષ્મી ટાઉનશીપ"માં આવેલ સબ પ્લોટ નંબર F/159 ધરાવતી સ્થાવર મિલકતનો તમામ ભાગ અને પાર્સલ, સબ પ્લોટ જેનું ક્ષેત્રફળ 82.68 ચોરસ મીટર છે, સામાન્ય રસ્તો ક્ષેત્રફળ 33.73 ચોરસ મીટર, સામાન્ય પ્લોટ ક્ષેત્રફળ 13.14 ચોરસ મીટર, કુલ ક્ષેત્રફળ 129.55 ચોરસ મીટર. ગુજરાત રાજ્યમાં આવેલ. ટાઇટલ ડોક્યુમેન્ટમાં લખેલી સામાન્ય સુવિધાઓ સાથે. મિલકતની સરહદો: પૂર્વ: સબ પ્લોટ નંબર F-158, પશ્ચિમ: સબ પ્લોટ નંબર F-160, ઉત્તર: સોસાયટીનો 7.50 મીટરનો રસ્તો, દક્ષિણ: સબ પ્લોટ નંબર F-166,

લોન એકાઉન્ટ નંબર:	જવાબદાર વ્યક્તિ(ઓ)/ કાનૂની વારસદાર(ઓ)/કાનૂની પ્રતિનિધિ(ઓ) ના નામ:	ના રોજ સુધીના કુલ બાકી લેણાં (રૂ.):	માંગણી નોટિસની તારીખ / NPA ની તારીખ
HHFVADHOU24000045515, HHFVADIPL24000045520	જયેશકુમાર મણિલાલ પરમાર, પરમાર પારુલબેન જયેશભાઈ	11-06-2026ના રોજ સુધીના કુલ બાકી લેણાં: રૂ. 2729739/-	15-06-2026 / 04-06-2026

સુરક્ષિત અસ્કયામતો/સ્થાવર મિલકતો/ગીરો રાખેલી મિલકતોનું વર્ણન: મોજે સાયજીપુરા, વડોદરામાં બિન-ખેતી પ્લોટની જમીન ધરાવતી સ્થાવર મિલકતનો તમામ ભાગ અને પાર્સલ જે સર્વે નંબર 574 પૈકી 1, ટી.પી. સ્કીમ નંબર 2, એફ.પી. નંબર 24 પર આવેલી છે, જેનું ક્ષેત્રફળ 7723.00 ચોરસ મીટર છે, જે "શ્રી કપિલેશ્વર ડ્વેલિંગ" તરીકે ઓળખાય છે, બીજા માળે, ફ્લેટ નંબર B-201, કાર્પેટ એરિયા 55.40 ચોરસ મીટર, બાલ્કની એરિયા 5.75 ચોરસ મીટર, કુલ કાર્પેટ એરિયા 61.15 ચોરસ મીટર, અવિભાજિત હિસ્સો 38.80 ચોરસ મીટર, રજીસ્ટ્રેશન સબ-ડિસ્ટ્રિક્ટ અને ડિસ્ટ્રિક્ટ વડોદરા, ગુજરાત રાજ્યમાં આવેલ. ટાઇટલ ડોક્યુમેન્ટમાં લખેલી સામાન્ય સુવિધાઓ સાથે. મિલકતની સરહદો: ઉત્તર: સોસાયટીની ગ્રાઉન્ડ ફ્લોર કોમન સ્પેસ, દક્ષિણ: સીડી, લિફ્ટ અને કોમન પેસેજ, પૂર્વ: ફ્લેટ નંબર B-202, પશ્ચિમ: ફ્લેટ નંબર C-202,

લોન એકાઉન્ટ નંબર:	જવાબદાર વ્યક્તિ(ઓ)/ કાનૂની વારસદાર(ઓ)/કાનૂની પ્રતિનિધિ(ઓ) ના નામ:	ના રોજ સુધીના કુલ બાકી લેણાં (રૂ.):	માંગણી નોટિસની તારીખ / NPA ની તારીખ
HHFVADHOU25000062179	પઠાણ આરિફખાન અબ્દુલહસન, નજીશ આરિફખાન પઠાણ	11-06-2026ના રોજ સુધીના કુલ બાકી લેણાં: રૂ. 3422183/- બાકી,	15-06-2026 / 07-06-2026

સુરક્ષિત અસ્કયામતો/સ્થાવર મિલકતો/ગીરો રાખેલી મિલકતોનું વર્ણન: બિન-ખેતી પ્લોટ ધરાવતી સ્થાવર મિલકતનો તમામ ભાગ અને પાર્સલ જે "હાશ્મી પાર્ક" પૈકી પ્લોટ નંબર A/21 તરીકે ઓળખાય છે, પ્લોટનું ક્ષેત્રફળ 123.39 ચોરસ મીટર, રસ્તાનો અવિભાજિત હિસ્સો 70.92 ચોરસ મીટર, કુલ ક્ષેત્રફળ 194.31 ચોરસ મીટર, બાંધકામ ક્ષેત્રફળ 147.48 ચોરસ મીટર, જમીન જે આર.એસ. નંબર 208/1 પર આવેલી છે જેનું ક્ષેત્રફળ 8094 ચોરસ મીટર છે, મોજે કરોડિયા, રજીસ્ટ્રેશન સબ ડિસ્ટ્રિક્ટ (વિભાગ-4) અને ડિસ્ટ્રિક્ટ વડોદરા, ગુજરાત રાજ્યની અંદર આવેલ. ટાઇટલ ડોક્યુમેન્ટમાં લખેલી સામાન્ય સુવિધાઓ સાથે. મિલકતની સરહદો: ઉત્તર: 7.50 મીટર રસ્તો, દક્ષિણ: કોમન પ્લોટ, પૂર્વ: પ્લોટ નંબર A/20, પશ્ચિમ: અડીને આવેલ સર્વે નં. સી-202

*ઉપરોક્ત દર્શાવેલ સંબંધિત માંગણી નોટિસની તારીખમાં વધુ વિગતવાર જણાવ્યા મુજબના દરે વધુ વ્યાજ, વધારાનું વ્યાજ, આકસ્મિક ખર્ચ, કિંમત, ચાર્જિસ વગેરે સાથે જે ચૂકવણી અને/અથવા વસૂલાતની તારીખ સુધી થયેલ હોય. જો ઉક્ત જવાબદાર વ્યક્તિ(ઓ) ઉપરોક્ત મુજબ HHFLને ચૂકવણી કરવામાં નિષ્ફળ જશે, તો HHFL ઉક્ત એક્ટની કલમ 13(4) અને લાગુ પડતા નિયમો હેઠળ ઉપરોક્ત સુરક્ષિત અસ્કયામત(ઓ)/સ્થાવર મિલકત(ઓ) સામે સંપૂર્ણપણે ઉક્ત જવાબદાર વ્યક્તિ(ઓ)/કાનૂની વારસદાર(ઓ)/કાનૂની પ્રતિનિધિ(ઓ) ના જોખમે અને ખર્ચ તેમજ પરિણામોની જવાબદારી સાથે આગળની કાર્યવાહી કરશે. ઉક્ત જવાબદાર વ્યક્તિ(ઓ)/કાનૂની વારસદાર(ઓ)/કાનૂની પ્રતિનિધિ(ઓ) ને ઉક્ત એક્ટ હેઠળ HHFLની પૂર્વ લેખિત સંમતિ વિનાઉપરોક્ત સુરક્ષિત અસ્કયામત(ઓ)/સ્થાવર મિલકતને વેચાણ, લીઝ અથવા અન્ય કોઈ રીતે ટ્રાન્સફર કરવા પર પ્રતિબંધ છે.જે કોઈપણ વ્યક્તિ આ એક્ટ અથવા તેના હેઠળ બનાવેલા નિયમોની જોગવાઈઓનું ઉલ્લંઘન કરશે અથવા ઉલ્લંઘન કરવા માટે પ્રેરિત કરશે, તે એક્ટ હેઠળ પ્રદાન કરવામાં આવેલી સજા અને/અથવા દંડ માટે પાત્ર રહેશે.
તારીખ: 18.06.2026 સ્થળ: વડોદરા સહી/- અધિકૃત અધિકારી, હીરો હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ વતી